मुनि गुण मुक्तावळी.

અથવા

(મુનિરાજ શ્રી આત્મારામજી માહારાજનો
સ્વર્ગવાસ મહિમા.)

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર.
સાંકળચંદ પીતાંબરદાસ શાહ.

જ્ઞાન સાર સંસારમાં, જ્ઞાન નેત્ર નિરધાર,
ગુણિજન મુનિ ગુણનો સજે, મુક્તાવળી શણગાર.

આવૃત્તિ ૧ લી પ્રત ૩૦૦૦

આ પ્રથમ આવૃત્તિ કર્તાએ શ્રી સરસ્વતિ
સભાને ભેટ કરી છે.

અમદાવાદ

સીવીલ હોસ્પીતાલની સામે શેઠ પાનાભાઈની
વાડીના મકાનમાં "વિશ્વેશ્વર પ્રેસ"માં
ઇશ્વરદાસ જેકરણદાસે છાપી.

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬

મુલ્ય એક આનો.

પ્રસ્તાવના.

શ્રીમદ્ વિજયાનંદ સુરિશ્વર (મુનિરાજ શ્રી આત્મારામજી મહારાજ) કે જેઓ શ્રી જૈન શ્વેતાંબરી ધર્મના મુખ્ય ધર્મગુરૂ તરીકે વિશ્વ વિખ્યાત પુરૂષ હતા, તેઓ સાહેબનો સ્વર્ગવાસ થવાથી થતી દિલગીરીને દૂર કરવા સારૂ શ્રી રાજનગરના સંઘ સમસ્ત તરફથી અત્રેના નગરશેઠજીના બંધાવેલા શ્રી મહાવીરસ્વામીના મંદીરમાં મહોત્સવ કરવામાં આવ્યો હતો.

આ મહોદય પ્રસંગે નગરજનોને જે આનંદ ઉત્પન્ન થયો હતો તેનું આબેહુબ વર્ણન, મહોત્સવનો મહિમા અને સમોવસરણ તથા વરઘોડાનો ચિતાર બતાવી એ મહાત્મા પુરૂષના સ્મરણાર્થે આ લઘુ પુસ્તક મુનિગુણ મુક્તાવળી નામનું મેં મારી અલ્પમતિથી તૈયાર કર્યું છે.

મારો પ્રથમ પ્રયાસ સફળ કરવાના હેતુથી આ પુસ્તકની બુજ કીંમત માત્ર એક આનો રાખવામાં આવી છે. તે કીંમતમાંથી કાંઇપણ લાભ કર્તાને નહી મળતાં આ આવૃત્તિમાંથી માત્ર ખરચ જેટલા પૈસા લેઇ બાકીના તમામ પૈસા શ્રી સરસ્વતી સભાના જૈન વીદ્યાર્થિઓના વિદ્યા અભ્યાસમાં આપવાના છે, માટે વિદ્યાને ઉત્તેજન આપનાર સુજ્ઞ ગૃહસ્થોએ તનમન અને ધનથી આ પુસ્તકને પૂરતી મદદ આપવી જોઇએ.

આ પુસ્તક અમદાવાદમાં સામળાની પોળમાં કર્તાને ઘેરથી અથવા તેજ સ્થળે શ્રી સરસ્વતિ સભાના વાઇસ મંત્રી શા. વાડીલાલ વીરચંદને ત્યાંથી રોકડી કીંમતે મળશે.

સાંકળચંદ પીતાંબરદાસ શાહ.

मुनि गुण मुक्त वळी.

શ્રીમત મહા મુનિરાજ શ્રી વિજયાનંદ સૂરીશ્વર (શ્રી આત્મારામજી મહારાજ) નું ગદ્યપદ્યાત્મક સંક્ષિપ્ત જીવન ચરિત્ર. તથા સ્વર્ગવાસ મહિમા.

આ મહાપુરૂષ પંજાબ દેશમાં આવેલા લહેરા નામે ગામમાં વીક્રમ સંવત ૧૮૯૩ ની સાલમાં જન્મ્યા હતા, તે સૂર્ય સમાન મહાપ્રતાપી, પ્રૌઢ મનના, કુશાગ્ર બુદ્ધિના, અને પંડિતોના મનને ચમત્કૃતિ ઉત્પન્ન કરે તેવા મહા પંડિત અને તેજસ્વી પુરૂષ હતા. તે પુણ્યાત્મા મહા પ્રભાવિક અને જગતપ્રસિદ્ધ પુરૂષ હોવાથી રાજ્યવર્ગી પુરૂષોને ઘણાજ પ્રિય હતા, એટલુંજ નહીં પણ પ્રસંગોપાત ઉત્પન્ન થતા ધર્મ સંબંધી તર્ક વિતર્કોનું સમાધાન કરવાથી કેટલાક વિચક્ષણ ઇંગ્રેજોને તે માનવંતા થઇ પડયા હતા. વળી ચિકાગોના વિશ્વ પ્રદર્શન વેળાએ જૈન ધર્મના ધર્મગુરૂ તરીકે આ મહા પુરૂષના માત્ર પોટાગ્રાફને પણ અગ્રેસર તરીકે ઘણુંજ માન આપવામાં આવ્યું હતું.

જો કે આ મહાપુરૂષ શ્રી જૈન ધર્મમાં પ્રથમ પંક્તિના ધર્મગુરૂ હતા, છતાં તેઓ છએ દર્શનમાં ઘણા પ્રવીણ અને વાદીઓના કુતર્ક હઠાવવામાં સિંહ સમાન, બળવાન અને બુદ્ધિવાન હોવાથી તેઓ સઘળે ઠેકાણે પ્રતિષ્ઠા પામ્યા હતા. એ યશસ્વી પુરૂષનું જીવન ચરિત્ર સંક્ષિપ્તમાં છપાએલું છે

પરંતુ સવિસ્તર ચરિત્ર કોઇ વિદ્વાન પ્રસિદ્ધ કરશે એવી જીજ્ઞાસા રાખવામાં આવે છે.

શ્રી જૈનધર્મનો આ પ્રતાપી સૂર્ય ચાલતી સાલના પ્રથમ જેઠ શુદ સાતમની રાતના અગીઆર વાગતાં પંજાબમાં આવેલા ગુજરાનવાળા શેહેરમાં અસ્ત પામ્યો, અફસોસ !! અફસોસ !!

આજે ધર્મનો ધોરી ભાગ્યો એક મજબુત ધર્મસ્તંભ તુટી પડયો, એક ચળકતો તારો ક્ષય પામ્યો, મધ્યાન્હકાળનો સૂર્ય સાયંકાળની મર્યાદા પેહેલાં નમી ગયો; જે દેશમાં મુનિરાજના વિહાર રૂપિ વૃષ્ટિ ભાગ્યેજ થાય તે દેશમાં ધર્મ સંબંધી દુકાળ પડયો! ધર્મ સબંધી સંશયો છેદનાર, પર મતમાં જૈનધર્મનો કિર્તિધ્વજ રોપનાર, ભવ્ય જનોના હૃદયરૂપિ શુદ્ધ ભુમિમાં સમ્યકત્વનું બીજ રોપનાર, ઇત્યાદિક જ્ઞાનગુણથી પ્રકાશમાન, પરમ ઉપગારી માહા પુરૂષનો આપણને અકસ્માત વિરહ થઇ પડયો!!! આ કાંઇ થોડી ખેદયુક્ત વાત નથી. પરંતુ સર્વભક્ષી કાળની સામે કોઇનો ઇલાજ ચાલતો નથી. જે ધર્મ કરશે તેજ માત્ર સુખી થશે, બાકી આ સૂન્ય સારરૂપી સંસારની માયા જાળમાં ફસાએલા પ્રાણીને જન્મ મરણથી બચવાને તથા સંસાર સમુદ્રને તરવાને ધર્મનૌકા શિવાય બીજો એકે ઇલાજ નથી, જો કે આ દેવાંશી પુરૂષ સંસારની પાપી જાળથી મુકત થયા છે તેથી ચર્મચક્ષુથી તે દ્રષ્ટીગોચર નથી, તોપણ તેમના સત્કર્મ અને સદ્‌જ્ઞાનથી તેઓ ચિરંજય જયવંતા વર્તે છે એમાં કાંઇ સંદેહ નથી તેમની વિજય પતાકા નિર્મળ યશ

રૂપે તેઉ સાહેબના ભક્તજનોના સ્મરણ સ્થાન ઉપર સ-દાય ફરકતી રહેશે.

આ મહાત્માના સ્વર્ગવાસ સંબંધી માઠાં સમાચાર હિંદુસ્થાનના સઘળા મોટા શેહેરો અને ગામો કે જ્યાં તેઉ સાહેબના ચરણકમળથી પૃથ્વિ પાવન થએલી તે ઠેકાણે તાર મારફતે મળ્યાં હતાં, તે તે ઠેકાણે તે દીવશે હરતાળો પડી હતી તથા ગરીબોને અને નિરાશ્રિતોને અનાજ વિગેરે આપવામાં આવ્યું હતું. અને અદ્યાપિ સુધી પૃથક્ પૃથક્ જગોએ મહોત્સવ ચાલી રહ્યા છે તોપણ સુજ્ઞ અને વિવેકી ગૃહસ્થોએ આ મહાપુરૂષનું નામ અમર રહે તેવી યોજના આ યોજવી જોઇએ.

જેસલમેર આદિક મોટા શહેરોમાં જ્ઞાનના પ્રાચીન ભંડારો છે, તેમાં પૂર્વાચાર્યકૃત ઘણા પુસ્તકો જીર્ણ થઇ ગયા છે, જેમાં વરષો વરસ ઉધાઇ ખવાએલા કાગળોના જીર્ણ ટુકડાના ઢગલે ઢગલા કાઢી નાંખવામાં આવે છે. તેથી એ બાબત ઉપર પુરતું લક્ષ આપવામાં નહી આવે તો ભવિષ્યમાં માઠો બનાવ બનવાનો સંભવ છે; માટે તેવાં પુસ્તકોનો નવેસરથી ઉદ્ધાર કરાવી એક મોટું પુસ્તકાલય ગુરૂ મહારાજના નામથી કરવું જોઇએ,અને દરેક પ્રતના પાછલા ભાગમાં તેઉ સાહેબની યાદગીરી કાયમ રાખવા માટે તેમના સ્વર્ગવાસ વેળાએ તેમના સ્મરણાર્થે આ પુસ્તક લખાવ્યું છે એમ દર્શાવવું જોઇએ કે જેથી ઘણા કાળ સુધી વિદ્વાનોના મનપર આ મહાત્માની મહત્વતા વિશેની અસર સતેજ રેહે. વળી ઠેકાણે ઠેકાણે જૈનકોલેજો ઉઘાડવી જોઇએ અને તેમાં રાજભાષાના જ્ઞાનની સાથે ધર્મ સંબંધી જ્ઞાનનો વિષય ઉમેરવો જોઇએ જેથી વિદ્યાર્થિઓને

સંસાર સ્થિતિની સાથે ધર્મ સંબંધી લાગણી લાગુ રહેવાથી તેમને ઉત્તરોતર ઉભયલોકમાં સુખ શાંતી મળે!

આ વિશ્વવિખ્યાત મુનીરાજ ઉપર મારો જે ભક્તિભાવ છે. તે સફળ કરવાના હેતુથી તેમના સંક્ષિપ્ત જીવન ચરિત્રની અને સ્વર્ગવાસ મહિમાની બે ઢાળો તૈયાર કરી આદ્યમાં અનુક્રમે મૂકી છે અને તેની પાછળ તેઉ સાહેબના સ્વર્ગવાસના સંબંધમાં અમદાવાદમાં થએલા મહોત્સવનું તથા કેટલુંક પ્રસ્તાવીક વર્ણન આપ્યું છે, તેમાં કાંઇ ભૂલ ચૂક હશે તો વાંચકવર્ગ ક્ષમા કરીને સુધારી લેશે એવી આશા રાખુંછું.

સાંકળચંદ પીતાંબરદાસ.
મુનિરાજના ચરણકમળનો ભ્રમર.

મંગળાચરણ.

દેવાધિદેવ શ્રી વિતરાગ સ્તુતિ.

માલિની છંદ.

અતિ પરમદયાળુ, દેવનો દેવ સાચો;
જગજન હિતકારી, તે પ્રભુ પાર્શ્વ જાચો. ૧
મતિ રતિ નહિં મારી, કેમ વિસ્તાર પાવે;
ગતિ ગહન તમારી, જ્ઞાનચક્ષુ દિપાવે. ૨
કમઠ ધરણ જેને, છે સદા તુલ્ય ભાવે;
હરિ હરકત વારિ, સૌ જરા મુક્ત થાવે. ૩
ગુણ રત્ન અતિ ગુંથી, આ કરી મુક્તમાળા;
પ્રભુ પદ કજ વંદુ, જ્ઞાન આપો વિશાળા. ૪

શ્રી સરસ્વતિની સ્તુતિ.

ત્રોટક છંદ.

વિજીયા વરદાય વિશાળમતિ, કવિ કોવિદ પાવન હંસ ગતી;
કર દંડ વિણા સુગિરા વદતી, અભિનંદન શારદ માત સતી. ૧
કવિરાજ કરે ગુણ ગાન ઘણા, કળિ કોઈ શકે નહિ તે ગણના;
અતિ શોભિત વાહન હંસતણું, પદ્માસન શ્વેત વિશાળ ભણું.
મુનિરાજ સદા તુજ ધ્યાન ધરે, જય થાય ઘણો વિજીયા સમરે;
કવિ ગ્રંથ રચે સ્તવના ઉચરે, તુજ નામ સુમંગળ આદિ ધરે. ૩

ઢાળ ૧ લી જીવન ચરિત્રની.

ભવી તમે વંદોરે ગીતારથ ગચ્છરાયા, એ રાગ.

ભવી તમે વંદોરે શ્રી ગુરૂ આતમરાયા, પાપ નિકંદોરે સફળ
કરો નિજ કાયા. એ ટેક.

શ્રી ગુરૂ દરીયા ગુણના ભરીયા, હૃદયકમળમાં ધરીએ;
પ્રહ ઉઠી ગુરૂના ગુણ ગાઇએ, રસના પાવન કરીએ. ભવી. ૨
દેશ મનોહર શ્રી પંજાબે, સુંદર લહેરા ગામે;
સંવત ભુવન ખંડ વસૂ ચંદ્રે (૧૮૯૩) જન્મ સુગુરૂજી પાવે. ભ.
બ્રહ્મક્ષત્રી પુર્વાશ્રમ જ્ઞાતી, પામ્યા જગ વિખ્યાતી;
જનક ગણેશચંદ્ર કુળ દીવો, પૂર્ણ ચંદ્રસમ કાન્તી. ભવી. ૩
માતા રૂપદેવીના જાયા, દીત્તા નામ કહાયા;
જોદ્ધામલજીને સોંપીને, સ્વર્ગે તાત સિધાયા. ભવી. ૪
પૂર્ણ ચંદ્ર ભક્તિ શશિ વર્ષે (૧૯૧૦) જીવણરામજી પાસે;
ઢુંઢક મતમાં દિક્ષા લીધી, આતમરામ ઉલ્લાસે. ભવી. ૫
શ્રુતસાયરનું મથન કરીને, સાર સકળ મન ધાર્યો;
વ્યાકરણ ન્યાય તર્ક કંઠાગ્રે, કરી ઢુંઢક મત વાર્યો. ભવી. ૬

વિજ્ઞચંદ્રજી આદે મુનિએ, ઢુંઢક રસ્તે છોડયા;
સહુસંગમે ઢુંઢક પ્રતિબોધી, જીનસાસનમાં જોડયા. ભવી. ૭
દેશ વિદેશ વિશે વિચરંતા, ગુર્જરમાં ગુરૂ આવ્યા;
રાજનગરને પાવન કરિને, સંઘ સકળ મન ભાવ્યા ભ. ૮
યુગ્મ ભુવન ભકિત શશિ વર્ષે, (૧૯૩૨) બુદ્ધિચંદ્ર ગુરૂ પાસે;
જીન પ્રતિમા જીન સરખી જાણી, દિક્ષા લે ફરી ખાસે. ભવી.
કુમત કુતર્ક હટાવા ઉગ્યો, અભિનવ સૂર કળિકાળે;
ઢુંઢક ધર્મ નિવારી ગુરૂજી, જીનસાસન અજુઆળે. ભવી. ૧૦
ભવરણ તાપ તપીત ભવિજનને, શિતળ સુરતરૂ છાયા;
જીન વચનામૃત પાન કરાવી, પ્રતિબોધે ગુરૂરાયા ભવી. ૧૧
ન્યાયાંભોનિધી બિરૂદ તે લીધું, સંઘે સુરિપદ દીધું;
ખટ દર્શન પંડિતપદ પામ્યા, કારજ સઘળું સીધ્યું. ભવી. ૧૨
એવા ગુરૂના નામ સ્મરણથી, જીતે ભવની બાજી;
સેવક સાંકળચંદ હૃદયમાં, ગુરૂભકિત રહી ગાજી. ભવી. ૧૩

ઢાળ બીજી. સ્વર્ગવાસની.

અરણીક મુનિવર ચાલ્યા ગોચરી એ રાગ.

એહેવા મુનિવર કયાં મળશે હવે, શ્રી ગુરૂ આતમરામરે;
જંગમ તીરથ સુરતરૂ કયાં ગયો, સંઘ સકળ વિસરામરે. એહેવા. ૧
સાસન સુબોરે ઉઠી ચાલીયો, જે સુવિહીત અણગારરે;
પરમત વાદીરે સીંહ શિરોમણી, નિરાધાર આધારરે. એહેવા. ૨
યુગ્મ બાંણ ભકિત શશિ વર્ષમાં, (૧૯૫૨) ગુજરવાળા ગામેરે;
શુકલ અષ્ટમીરે પેહેલા જેઠની, કાળ કર્યો તે ઠામેરે. એહેવા. ૩
કયાં દીન ઉગ્યોરે આજ કપાવનો, હીરો ગુમ હરતાયોરે;
આજ અમંગળ જગમાં જાગીયો, કાળધર્મ ગુરૂ પાયોરે. એહેવા. ૪

પુછયા પ્રતિઉત્તર કોણ આપશે, સંઘ સાન્નિધ્ય કોણ કરશેરે;
કરૂણાસાગર ક્યાં મળશે હવે, ક્યાં જઇ શંશય ટળશેરે. એહેવા.
ધર્મધુરંધર ઘોરી ભાંગ્યો, જ્ઞાન દિવાકર ડુબ્યોરે;
સાસનમાંથીરે સિંહ સિધાવ્યો, સુરલોકે ગુરૂ પુગ્યારે. એહેવા. ૬
આતમરામ સુનામ પ્રસિદ્ધ છે, આનંદવિજય સંવેગીરે;
શ્રીમદ્ વિજયાનંદ સુરિશ્વરૂ, જગપંડિત સુવિવેકીરે. એહેવા. ૭
ભવ અટવીમાંરે શિતળ સુરતરૂ, જળનિધીમાં જેમ ઝાઝરે;
અસરણ શરણ કૃપા કર મુનીવરૂ, આલંબન ગુરૂરાજરે. એહેવા ૮
તે ગુરૂ નિશદીન સૌને સાંભરે, જે અતિશય ઉપગારીરે;
પદપંકજ મન મધુકર મોહીરહ્યા, સાંકળચંદ સંભારીરે. એહેવા. ૯
પરભાતે ઉઠી ગુરૂગુણ ગણે, ધ્યાન ગુરૂનું ધારેરે;
આતમરામ રટણ જે નીત કરે, દુરગતિ દૂર નિવારેરે. એહેવા.

રાગ માઢ.

મારી નિર્મળ પ્રાણની પ્યારિને, હું નિરખુ રે હો ક્યાં. એ રાગ.
મારા પરમ કૃપાળુ ગુરૂજીને, હું નિરખુ રે હો ક્યાં;
ક્યાંરે મળે એ સાસન સુર્યો, અશરણ શરણ દયાળ;
ધીર વીર સાસનમાં ભારે, ક્યાં ગયા પરમ કૃપાળ;
સાંભરે છે તમારા સૌને સદ્‌ગુણ આજે. મારા. ૧
નામ તમારૂ જગતમાંરે, પ્રસર્યું આતમરામ.
ઘડીય ન વિસરે ગુરૂ ભલોરે, શું કર્યું દૈવે આ કામ;
ગુરૂ મારો જ્ઞાનનો દિવો એતો અસ્ત થયો આજે. મારા. ૨

દોહરા.

સ્વર્ગવાસ ગુરૂનો સુણી, ઉપજ્યો ખેદ અપાર;
ભરતખંડ સુનુ થયું, સાસનનો શણગાર. ૧

સમાચાર માઠા મળ્યા, ગામ નગર પુર તાર;
સજન સમાજ દુઃખિ થયો, પડી સકળ હરતાળ. ૨
રાજનગરના સંઘમાં, પ્રસર્યો શોક અપાર;
શોક નિવારણ કારણે, ઓચ્છવ કર્યો સ્વીકાર. ૩
નગરશેઠની સાહ્યથી, સંઘ થયો ઉજમાળ;
મનસુખભાઇ આદે મળી, રચના રચિ વિશાળ. ૪
મહાવીર મંદીરમાં કર્યું, સમવસરણ તૈયાર;
ઇંદ્રાસન રચના કરી, કેહેતાં નાવે પાર. ૫

સમવસરણની રચના.

હરિગીત છંદ.

જીનરાજ જે સ્થળ વિચરે, ત્યાં દેવ સમવસરણ કરે;
ભુમિ શુદ્ધ લધુ જળ વૃષ્ટિ કરિને પુષ્પ સુર ત્યાં પાથરે.
વિસ્તાર યોજન એકનો, કરિ ગહન રચના આદરે;
અતિ મંદ મંદ સુપવન લ્હેરો, ગંધ પરિમળ સંચરે. ૧
ધડ પ્રથમ રૂપાનો રચે, પછિ હેમનો પછિ રત્નનો;
સુર ભક્તિ ભાવે તે કરે, મહિમા કહું શું યત્નનો.
એકેક ધડમાં ચાર દ્વારો, ચાર વાવ્યો ચૌ દિશે;
એકેક ધડમાં ચાર પ્રખદા, બાર સૌ મળિને થશે. ૨
મણિરત્ન જડીત સિંહાસને, જીનરાજ બેસે તે ક્ષણે;
દે દેશના મુખ એક પણ ચોમુખ અતિશયથી બને.
વિસ્તાર વાંણી એક યોજન અર્ધ માગ્ધી ઉચરે;
સૌ પ્રાણી સમજે આપ ભાષા માલકોશે સુરપૂરે. ૩
ત્રણ છત્ર પ્રભુના શીર છાજે, દુંદભી વાજે તીહાં.

સુરરાજ ચામર ઢાળતા, કદિ આધી વ્યાધિ નહીં જીહાં;
સમકાળ ઋતુ સઘળી ફુળે, કાંટા અધોમુખ થાય ત્યાં,
નહિં રોગ મરકી ચાર દિશી પચવીશ યોજન પ્રથિવ જ્યાં. ૪
તે કાળને તે સમયમાં, વિતરાગ વિચરે જ્યાં સદા;
તિર્યંચને વળિ મનુષ્ય ભૂલે, વ્હેર રાખે નહીં કદા.
સૌ પ્રાણિ સ્હેજ વિરોધ વારી, શાંત થઈ બેસે સભા;
જીનરાજ દે શુભ દેશના, જસ ચંદ્રસમ મુખની પ્રભા. ૫
પરતીર્થિને પર વાદિ હારે, વાદમાં તે ટળવળે,
વળિ માન મત્સર વારીને, સુરભક્તિ ભાવે સાંભળે.
મહિમા સુણ્યો જીનસાસને, ત્રીગડાતણો તે દાખવ્યો;
નજરે નિહાળી તેહ રચના, સકળ જનને અનુભવ્યો. ૬
રચના રચી એ ત્રઈણ ઘડની, રાજનગરે આ સમે;
શ્રી વીરમંદિર કર્યો મહોત્સવ, સ્થાપી ત્રીગડુ અનુક્રમે.
ચોમુખ પ્રતિમા ચાર સ્થાપી, વ્યાપી કીર્તિ વિદેશમાં;
પ્રતિદીન સાંજ સવાર દર્શન, થાય શુભ આવેશમાં. ૭
પરતક્ષ મહિમા નજર નિરખ્યો, ત્રઈણ ઘડનો આ સમે;
પરતિર્થીને વળિ જૈનીઓ સૌ, સાથ આવીને નમે;
સૌ સંપસંપી કરે મહોત્સવ, ગાય ગુણ ટોળે મળી;
આનંદ સરખો સર્વને, લે લાભ સૌજન હળિમળિ. ૮
પુજા રચે વિવિધ પ્રકારે, શાંતિસ્નાત્ર રૂડું કરે;
મુનિરાજ સ્વર્ગ નિવાસ મ્હોત્સવ, વિજય રૂડો વિસ્તરે.
સૌ શંઘમાં સુખ શાંતિ પ્રસરી, વિઘ્ન આવ્યું નહીં કદા;
મુનિરાજ આતમરામ કિર્તી, અમર રેહેજો સર્વદા. ૯

ભેરવી દીપચંદી.

કહું શું નસીબે દુખીયો કીધો છે. (એ રાગ.)

શ્રી જીનસાસન જગ જયકારી, વાર વાર તસ જઉં બલિહારી. શ્રી
મહાવીર મંદીર શોભા સારી, વરણુન કરતાં ન લહું પારી. શ્રી.
મણિમય રત્ન સિંહાસન બેઠા, વીર પ્રભુ મમ અંતર પેઠા. શ્રી.
ઇંદ્ર ભુવનસમ રચના માણું, નહીંતો ગુમાન વિમાન તે આણ્યું. શ્રી
પ્રતિદીન પૂજા વિવિધ પ્રકારે, ભીડ થાય જીનમંદીર ભારે. શ્રી.
અજબ બની આંગી પ્રભુ અંગે, દીન દીન રચના ચડતે રંગે. શ્રી.
મધ્યભાગમાં લીંગડું સ્થાપ્યું, સંઘ સકળજન સંકટ કાપ્યું. શ્રી.
ગહુન રચ્યા ગઢ શુભ કળિકાળે, વાર વાર સૌ નજર નિહાળે. શ્રી.
ઝુમર હાંડી તકતા ઝળકે, રજત કનક મણિ માણેક ચળકે. શ્રી.
સાંજ સવારે દર્શન કરવા, નરનારી આવે અઘ હરવા. શ્રી.
શેઠ મણીભાઇ અતિ ઉછરંગે, સાજય કરે વિત ખરચી સુરંગે. શ્રી.
આનંદ સૌને સરખો જાણું, કહે સો નહીં મળશે ફરિ ટાંણું. શ્રી.

દોહરો.

જૈન સભા જીન મંદીરે, નાટક કરે અપાર;
મંગળ બોલે માનની, વરણુન કરૂં આ ઠાર. ૧

અબ ચલે ન મોહન તેરા, લે ચલું ગુર મા મેરા. એ રાગ.
સૈયર ટોળિ મળિ સારી, જીન વંદન કરવા ચાલી;
ફેર ફેર ફેર ફુદડી ફરતી, મદ મોહ કોહને હરતી; જીન
આગળ નાટક ફરતી.
થનક થેઇથા, હરિ વિકથા, મંદ હસતાં, લીએ કર તાળી. જીન.
જગતાત જીનેશ્વર આગે, હળિ હળિ પ્રભુચરણે લાગે;

મુખથિ અવિચળ સુખ માગે, શજી શણગાર, થઇ તૈયાર,
ધરિ ઉર પ્યાર, જુવે જીન ન્યાળિ, જીન વંદન. ૨
પ્રભુ આગળ બાળા ભોળી, મંગળ ગીત ગાવે ગોરી,
સૌ સોહાગણની ટોળી, અરે સુભગા, અબિ મુખ થા;
સખી ગુણ ગા, અલી મમ વાહાલી. જીન વંદન. ૩
એમ સખીઓ મંગળ બોલે, ત્રિભુવનમાં નહીં જીન તોલે,
પ્રભુ આગળ અંતર ખોલે, ધરિ ઉર ધ્યાન, તજી અભિમાન;
બની ગુલતાન, પ્રભુ મુખ ભાળી. જીન વંદન. ૪

કર કરૂણા જગનાથ રંકપર કર કરૂણા જગનાથ, એ રાગ.

કર કરૂણા મહારાજ, ગરિબપર કર કરૂણા માહારાજ;
તું ત્રિભુવન શિર તાજ, ગરિબપર કર કરૂણા. ટેક.
જગ્ત પિતા મમ અરજ સ્વિકારો, માફ કરો સૌ વાંક અમારો;
સેવકના સૌ સંકટ વારો, ભવસાયર પડતાં પ્રભુ તારો;
કરૂણાસાગર બિરૂદ તમારો, કરો મહેર, ગ્રિલા લ્હેર, તુંજ સાચોછે;
અવિચળ આપો રાજ, પ્રભુ મમ અવિચળ આપો રાજ. કર.
વીર પ્રભુ મન મંદિર આવો, નાથ કૃપા કરિ નેહ બતાવો;
જો કરૂણાનિધિ નામ ધરાવો, તો કરૂણા નિજ અંતર લાવો.
રાગ દ્વેશ શત્રુથી બચાવો, હું શરણેછું, ક્યડો નહીં છોડું;
સભા સરસ્વતિ કાજ, સફળ કર સભા સરસ્વતિ કાજ. કર. ૨

ગરબો.

સખીયો નિજ નિજ નીતે ધર્મ સદા સંભાળીએરે, એ રાગ.

સાશન નાયક વીરની સેવા પ્રતિદીન આદરેરે,
ભવજળ તારણ દુખ નિવારણ શ્રી ભગવાન,
ભાવ સહિત પદપંકજ પ્રભુના નીત્ય પખાળીએરે;

નિરમળ ચીત્ત કરીને ધરીએ પ્રભુનું ધ્યાન;
દોશ અઢાર રહિત વિતરાગ સેદા તુજ આશારોરે. એ ટેક. ૧

સાખી.

પરમ પવિત્ર મહા પ્રભુ, અવિચળ આપો સુખ;
મનમંદીર વાસો વસો, રહું સદા અભિમુખ.

ઢાળ.

અત્તર ચોળી કેસર ઘોળિ કુશુમે પુજીએરે,
ભવિજન પાર કરે ભવ સિંધુ ન રહે દુખ. દોશ ૨

સાખી.

ચ્યાર ચોરના સંગથી, આતમ ધન લુંટાય;
કરૂણાનજર કરો પ્રભુ, શરણાગત ભૂંટાય;

ઢાળ.

મોહવશે પડિયો લડથડીયો હું સંસારમાંરે.
આઠ ધૂતારા મારા કાયર કરતા કાય. દોશ. ૩

સાખી

કાળ અનાદિથી પડયા, બે વેરી મુજ સાથ;
વિષય અંધ મતિ મંદથી, પડયો પ્રમાદ અનાથ.

ઢાળ.

નાથ નિરંજન નેહ નજર કરિ અમને ઉધરોરે;
સેવકનો બવસાયર પડતાં પકડો હાથ. દોશ. ૪

સાખી

સિદ્ધારથ ત્રીસલા તણો, નંદન ગુણભંડાર;
વર્દ્ધમાન વૃદ્ધિ કરો, દ્યો સિદ્ધી સુખકાર.

ઢાળ.

અમર પાળ દયાળ કૃપાળ સુમતિ શુભ આપ્યોરે,

માગે સભા સરસ્વતિ મુખથી જયજયકાર;
દોશ અઢાર રહિત વિતરાગ સદા તુજ આધારોરે.

શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

સીયર સુખકર સંસાર શિયળભૂષણ સજીએ એ રાગ.
સાસન નાયક શ્રી વીર, ત્રીભુવન પતિ વંદો.
વંદો વંદોરે શ્રી મહાવીર, ત્રીભુવન પતિ વંદો. એ ટેક.
ત્રીસલા નંદન વંદન કરવા, જઈએ આપણ આજરે;
સિદ્ધારથ સુત નિરખી હરખું, ભવોદધિ તારણ ઝાઝ. ત્રી. ૧
હરિ લંછન કંચન સમ કાયા, ગાયા ગુણ સુરરાજરે,
અજર અમર અઘ ઓઘ નિવારક, તારક જગ શિરતાજ. ૨
પામર પાળ કૃપાળ દયાળુ, પ્રભુતુજ હાથે લાજરે;
ચરણકમળ મન મધુકર જંપે, મ્હેર કરો મહારાજ. ત્રી. ૩
ચોવીસમો જીન ચિંતા ચૂરે, પૂરે વંછીત કાજરે;
ત્રુઠયો સાહિબ કષ્ટ નિવારે, તારે ગરિબ નીવાજ. ત્રી. ૪
શશિસમ પ્રભુ મુખ કાન્તી દેખી, હૃદયકમળ વિકસાયરે;
કેસર ચંદન કુસુમે પુજી, ભળી ભળી લાગું પાય. ત્રી. ૫
ભવજળ તારણ દુઃખ નિવારણ, શરણાગત ગુણ ખાણરે;
મિથ્ય તિમીર હઠાવા ઉગ્યો, જીનપતિ અભિનવ ભાણ. ત્રી. ૬
પાપ નિકંદન ભવભય ભંજન, રંજન જગ ગુરરાજરે;
સભા સરસ્વતિ મુખથી માગે, ઘો શુભ અવિચળ રાજ. ત્રી. ૭

નગરની શોભા અને વરઘોડાનું વર્ણન.

દોહરા.

સદગુરના મહિમા થકી, વધ્યો ઉમંગ અપાર;

જાગ્યા અતિશય પુન્યના, વર્ત્યો જયજયકાર. ૧
વેપારી મંડળ સકળ, ઉલટ્યું અપરંપાર;
દરેક મહાજનના ચડ્યા, વરઘોડા આધાર. ૨
નિત નિત જમણ વરાં કરે, સરસ સરસ પકવાન;
શંઘ ભક્તિ જુગતે કરે, બન્યા સવ ગુલતાન; ૩
નગર ચોક શણગારિયા, પૂરિજન મન આનંદ;
અલ્પ વાત અહીં ઉચરૂ, સુણજ્યો સૌ જન વૃંદ. ૪

લાવણી.

વેશ્યાએ કર્યાંચો ફેર, ઉપજે ઝેર, વાળ્યું વેર. એ રાગ.
પુરની શોભા કહું સાર, ઉર ધરિ પ્યાર, થઇ તૈયાર, સુણો સૌ યારો.
મ્હોત્સવ જીનમંદીર વિશે થયો બહુ સારો. એ ટેક.
શણગાર્યાં સૌએ હાટ, વાટને ઘાટ, બન્યો બહુ ઠાઠ, ભીડ થઇ ભારી.
ફરકે સુંદર વાવટા ગગન વિસ્તારી.
દરવાજા કીધા બાર, સરસ છે દ્વાર, બન્યા શીકાર, કસબ કાંગરીયા.
મુકતાફળ તોરણ દ્વાર વિશે બહું જડીયા.
જાઇ કેતકીને ગુલબાસ, બેહેકતો વાસ, રમે ત્યાં રાસ, બાળકું શીયારો.
મ્હોત્સવ જીનમંદિર વિશે થયો બહુ સારો. ૧
મંડપ કસબી બહુ કર્યા, ફુલ પાથર્યા, ગલીચા ધર્યા, અતી ઉછરંગે
ચંદરવા બાંધ્યા ઘણા ચોકમાં રંગે;
કસબી સાંઇ બહુ સૂત્ર, રેશમી સૂત્ર, બની અદ્ભુત, યોજના કીધી
અલકાપુરી ઉતરી આજ, થઇ પરસીદ્ધી.
ધન ધન્ય વાદ કહે લોક, ખલક મળી થોક, ચડ્યા બહુ ગોખ,
ઘણા સરદારો, મ્હોત્સવ જીનમંદિર વિશે થયો બહુ સારો. ૨
કંઇ પુષ્પ મંડપો રચ્યા, નગરજન નાચ્યા, [illegible]

મળ્યા જન ભેળા. વેપારી મન આનંદ થયો આ વેળા.
શણગાર્યો માણેકચોક, ગયો સૌ શોક, લોકના થોક,
હરખમાં મ્હાલે. વરઘોડો મંડપ તળે થઇને ચાલે.
કવિતામાં નહી કેહેવાય, સકળ રચનાય, ગુણ સૌ ગાય, મળી નરનારો
મ્હોત્સવ જીનમંદીર વિશે થયો બહુ સારો;

વરઘોડાનું વર્ણન.

ગોકુળ મથુરાંરે વાહાલા એ રાગ.

જીનપતિ વંદોરે વાહાલા, મન મોહન શિવવધુના લાલા;
નવપદ જપતાંરે નાસે, રોગ શોગ નવી આવે પાસે. જીન.
મ્હોત્સવ કીધોરે સારો, શ્રી જીનસાસન વિજય વધાર્યો;
રચના કીધીરે સારી. ભીડ થાય જીનમંદિર ભારી. જીન. ૨
અતિ આડંબરરે કીધો, સમવશરણ થાપી જશ લીધો;
શાંતિ નિમિતનારે કાજે, શાંતિ સ્નાત્ર કર્યું સકળ સમાજે. જીન.
બહુ વરઘોડારે ચડીયા, જળજાત્રાદિક શુભ ગડગડીયા;
રસનાથિ કહિ નથી શકાતું, કવિતામાં વરણન નથી માતું. જીન.
બજાર શોભારે સારી, વરણ અઢાર મળી ઠઠ ભારી;
સરખો આનંદરે સૌને, કલેશ નહીં આ વેળા કોઇને. જીન. ૫
ઇંદ્રધ્વજા જરકશીની ફરકે, સહુથી આગળ સુંદર ઝળકે;
નિશાન ડંકોરે શોભે, દેવવિમાન તે દેખી થોભે. જીન. ૬
સુંદર સાએલા શણગાર્યા, અસ્વ ખંધ ચડીયા રઢીયાળા;
દેવસમાનારે દીસે, ખલક મળી જોવાને અતિશે; જીન, ૭
સાજન શોભેરે સારૂં, વરણન શું કરવું બહુ વારૂ;
ઇંદ્રસમાનારે લાગે, સુંદર સનાથીયા પ્રભુ આગે. જીન ૮
રજત કનકનીરે જાણો, સીબિકા દેવવિમાન પ્રમાણો;
પ્રભુ પધરાવ્યારે પ્રીતે, ચામર ઢાળે ભવિ શુભ ચીતે. જીન. ૯

મણિમય રથમાંરે સ્થાપી, શાંતિનાથ પ્રતિમા જગ વ્યાપી;
સુંદ કીરણુથીરે ચળકે, કનક કળસ રથ ઉપર ઝળકે. જીન. ૧૦
દાદીશ ચામરરે ઢાળે, ધુપઘટા પ્રભુ આગળ ચાલે,
પુંઠ ભામંડળરે રાજે, છત્ર ત્રઈણુ પ્રભુ ઉપર છાજે જીન. ૧૧
પ્રભુ ગુણ ગાતીરે ગોરી, પાછળ મળિ સોહાગણ ટોળી;
નામણુદીવોરે સોહીયે, પ્રભુજીને દેખી મનડું મોહીએ. જીન.૧૨
એમ વરઘોડેરે આવ્યા, પ્રભુજીને વીરમંદીર પધરાવ્યા;
શાશન શોભારે સારી, વિજય પતાકા જગ વિસ્તારી. જીન. ૧૩
સૌ જન વીનતીરે સુણજ્યો, ઓચ્છવ નીત નીત નવલા કરજ્યો;
ઉદય થયોછેરે ઝાઝો, દર્શનનો દુનીયામાં તાજો. જીન. ૧૪
ઉદય જ્ઞાનનોરે કરજ્યો, જીર્ણોધ્ધાર કરી જય વરજો;
પ્રાચીન ગ્રંથોરે સુધારો, ઠામ ઠામ કરજ્યો ભંડારો. જીન. ૧૫
બોધ સુગુરૂજીરે કરતા, જ્ઞાનોધ્ધાર વિશે અનુસરતા;
વચન ગુરૂનુરે ધારો, મહિમા જ્ઞાન તણો વિસ્તારો. જીન. ૧૬
જગમાં કીરતીરે થાશે, વીરચંદભાઈ ગુરૂ નામ ગવાસે;
સાસન મહીમારે થાશે, સાંકળચંદ સુગુરૂ ગુણ ગાશે. જીન. ૧૭

મુનિરાજ શ્રી આત્મારામજી મહારાજ અમદાવાદ પધાર્યા તે વેળાએ બનાવેલી ગુંવળી.

મન માને નહી શો ફેરા સમજાવું તોએ શું થાએ. એ રાગ.

ગુરૂ ગુણવંતા દેશ વિદેશ વિચરતા ભવિજન તારતા,
મત પાખંડી ખંડન કરિ મહિમા જીન ધર્મ વધારતા. એ ટેક.
પંજાબ દેશ, સુંદરપાયા ઉત્તમ ક્ષત્રી કુળમાં આયા;
લઘુ વય દિક્ષા લે ગુરૂરાયા, ગુરૂ. ૧
દુકર સંજમ પરિસહ વેઠી, જીન આગમ સાર લહ્યો જેથી,

ઢુંઢકમત ત્યાગ કર્યો તેથી, ગુરૂ. ૨

ગુરૂ જ્ઞાનતણા દીસે દરિયા, ભવોદધિ તારણ પ્રવહણ મળીયા;
શ્રુતસાયર અમિરસથી ભરીયા. ગુરૂ. ૩

બહુ ઢુંઢકને શ્રાવક કરીયા, જીનધર્મ વિશે તે અનુસરીયા;
મુનિ ઉપદેશે ભવજળ તરીયા. ગુરૂ. ૪

ખટ દર્શન પંડિતપદ વરીયા, જસ દેખી અન્યમતિ ડરીયા;
ગિતા રથ ગુરૂ ગુણથી ભરીયા. ગુરૂ. ૫

દશવીશ શીષશુ વિચરંતા, આવ્યા ગુરૂ ગુર્જરમાં ફરતા;
આ રાજનગર પાવન કરતા. ગુરૂ. ૬

ઓગણીસેં ચુંવાળીસ સાલે, મુનિ આતમરામ રમણ માહાલે;
જસ દરિસણ પાપ સકળ બાળે. ગુરૂ. ૭

આગમવાણી કરૂણા ભાવે, અતિ ગહન અર્થથી સમજાવે;
વિતરાગગીરા ગુરૂ ગરજાવે. ગુરૂ. ૮

અમૃતધારા વરસ્યા વાણી, ભવિ હૃદય ભોમિકા ભીંજાણી;
અતિ શુષ્ક બીજ અંકુર આંણી. ગુરૂ. ૯

લઘુ વયમાં જ્ઞાનદશા જાગી, અનુભવ રસ લીલા લય લાગી;
જીન આગમતત્વ વિણા વાગી. ગુરૂ ૧૦

જંગમ તિરથ એ મુનિરાયા, ભવ અટવીમાં શિતળ છાંયા;
અમ પુન્ય થકી દર્શન પાયા. ગુરૂ. ૧૧

કરૂણાનિધિ વિનતી ચીત ધરજો, આ રાજનગર પાવન કરજ્યો;
સાંકળચંદના પાતક હરજ્યો ગુરૂ. ૧૨

શ્રી જૈનધર્મના ધાર્મિક પુરૂષોનું ખાસ કર્તવ્ય.

કુંડળિયા.

આજ અહોદયનો કહ્યો, લેશ માત્ર અધિકાર;
વરઘોડા ઝાઝા ચડયા, કે'તાં નાવે પાર.

કે'તાં નાવે પાર, થયા સૌ સજ્જન રાજી;
જીન સાસન ઉદ્યોત, કર્યો આ વેળા ગાજી.
ચિરકાળ ઉદ્દયોત રહે? સ્થાપો જૈનસમાજ;
સાંકળચંદ સ્વધર્મિનો, ધરો ટેક સૌ આજ. ૧
જ્ઞાન દાન સમ વિશ્વમાં, અવર પુન્ય નહીં આજ;
જ્ઞાન નેત્ર શુભ આભિનવાં, જ્ઞાન સકળ શિર તાજ;
જ્ઞાન સકળ શિર તાજ, રાજ આધિન જ્ઞાનીને;
જ્ઞાન થકી મુનિરાજ, થયા વલ્લભ ધ્યાનિને
ભર્ત ભુમિ ભુષણ ગયા, આતમારામ સુજાન;
સાંકળચંદ કહે સદા, દેજો દાન સુજ્ઞાન. ૨

માલીની છંદ.

જન વિજય વધારો, વિશ્વમાં આ પ્રસંગે;
તન મન ધન અર્પો, જ્ઞાન વૃદ્ધિ શુ રંગે. ૧
મનુષ જનમ પામી, સાર વિદ્યા વધારો;
નિજ કુળ મરિયાદા, લોપીએ કેમ યારો. ૨
કરિ સકળ સમાધી, વારજો આધિ વ્યાધી;
મનુષ જનમ સાધી, ટાળજો સૌ ઉપાધી.

હરિગીત છંદ.

હે ધીર વીર સ્વધર્મિ બાહુરથા ટેક જાળવજો તમે;
મુનિરાજ સમ શુભ સ્તંભ ભાગ્યો ધર્મ ગૃહનો આ સમે;
ગુરૂરાજની શુભ યાદગીરિમાં કાજ શુભ કરવા સદા;
મુનિરાજ આતમરામનામ સુ અમર રાખો સર્વદા.
આ ભર્તખંડે ભક્ત ગુરૂના સેંકડો છે લખપતી,
ગુરૂભક્તિમાં નિજ શક્તિ માફક વિત વાપરજો અતિ.
શુભ ફંડ સારે એક કરજ્યો રહેજ વરજો સંપદા. મુનિરાજ.

સ્થાપો કમેટી એક આતમરામ નામ સમાજની;
નીમો સુપ્રતિનિધી બુદ્ધિશાળી તત્વ શોધક કાજની.
નિજ જ્ઞાતિને નિજ સંતતાની ટાળજો સૌ આપદા. મુનિ૦
કોલેજ સ્થાપો ઠામ ઠામે જૈન શિશુના કારણે;
નિજ ધર્મના શુભ જ્ઞાન સાથે રાજ્યભાષા સૌ ભણે;
અભ્યાસના પરમાણ સ્કોલરશિપ આપો અન્યદા. મુનિરાજ૦
વળિ જ્ઞાનશાળા દાનશાળા ધર્મશાળા સ્થાપજો;
શુભ પુસ્તકાલય સકળ ઠામે સ્થાપિ કીર્તિ વ્યાપજો;
જ્યાં જીર્ણ મંદિર હોય ત્યાં ઉદ્ધાર કરવા સર્વદા. મુનિ. ૫
ઇતિહાસને વળિ લેખ પ્રાચીન શોધ કરિ ભેળા કરો;
ઉપયોગ તેનો છે ઘણો કરજ્યો સદા શુભ સંઘરો.
જીનસાસને જયકાર જેથી કષ્ટ આવે નહી કદા. મુનિ. ૬
મુનિરાજ સફળ કરી ગયા નિજ જન્મ જે પુણ્યાતમા;
આ સંપદાને આયુ ચળ છોડી જવું એક રાતમાં;
એ સંપદાનો ગર્વ ન કરો વાપરો શકિત યથા, મુનિરાજ. ૭

ભુજંગી છંદ.

શુણો સર્વ શ્રોતાજનો સ્નેહ આણી, ધરો ધર્મનો ટેક કરવા કમાણી;
સદા ન્યાયને નિતિનો પક્ષ ધારો, ખરી વાતનો ખ્યાલ યારો વિચારો.
કરો એક ભંડાળ ભારે અપારી, સોજાતા જનોની કરો વ્હારસારી;
સ્વધર્મિ ઘણા દુખિ દેખો હજારો. ખરીવાતનો ખ્યાલયારો વિચારો
જુવોજ્ઞાન ભંડાર વિસ્તારવાળા, થયા જીર્ણ કુથ્થા ભખે છે બુખાળા
લખાવો સુધારી કરોને ઉધ્ધારો, ખરીવાતનો ખ્યાલ યારો વિચારો
જુવો ગ્રંથ વિચ્છેદ પામે અથાગો, અરે જૈનીઓ ઉંઘથી આપ જાગો
થતી જ્ઞાન આશાતનાને નિવારો, ખરીવાતનો ખ્યાલ યારો વિચારો,

ઉઘાડો તમે જૈન કોલેજ સારી, કરાવો સદા જૈન અભ્યાસ જારી.
કરો બાળકોની સ્થિતિનો સુધારો, ખરી વાતનો ખ્યાલ ધારો વિચારો.
કરો જૈનશાળા ઘણી ઠામ ઠામે ધરો પુસ્તકો સંઘરસ્થાન કામે;
યશોલાભ લેવો અગાડી અપારો, ખરી વાતનો ખ્યાલ ધારો વિચારો.
અહો જૈનબંધુ વદું શું વધારે, બધી વાત જાણો ન છાનું લગારે;
કરો આંખઆડા નહીં છે કયારો, ખરી વાતનો ખ્યાલ ધારો વિચારો.
કરે દાન કીર્તિ વિશે સર્વ લોકો, ઘણું દ્રવ્ય ખરચાય છે થોક થોકો;
અકાળે થતી ખૂણી આપો વિકારો, ખરી વાતનો ખ્યાલ ધારો વિચારો.
ખરે ખાતનીતિ તણું દ્રવ્ય સારો, વરે અલ્પને લાભ પામે અપારો;
પ્રતિષ્ઠા વધે બોલ બોલાય સારો, ખરી વાતનો ખ્યાલ ધારો વિચારો
સદા શુદ્ધ ગ્રહસ્થો વીચારો વિવેકે, કરો જ્ઞાન ઉદ્ધાર નિજ ધર્મ ટેકે
અરે મીત્ર મારા વિનંતી સ્વીકારો, ખરી વાતનો ખ્યાલ ધારો વિચારો.

સામાન્ય નિતી.

ગઈ ગ્રિષ્મ થયું ચોમાસું, વિરહી વરશાવે આંસુ, એ રાગ.
સદ્ગુણ સૌથી સુખકારી, જઉં સજ્જનની બલિહારી;
કદિ ભીડ પડે કાંઈ ભારી, નિજ ધર્મ મુકો ન વિસારી.
મુખ સત્ય સદા ઉચ્ચારો, શણગાર નીતિનો ધારો;
છળ કુડ કપટને વારો, તજી અભિમાન,
સજી શુભ જ્ઞાન, ભજો ભગવાન, પરમ ઉપગારી. સદ્ગુણ. ૧
પર નિંદા પાપ નિવારો, પરદારાને પરિહારો;
પરધન પથ્થર સમ ધારો, છે સકળ શાસ્ત્ર નિરધારો;
સૌ જીવપર કરૂણા લાવો, વાડલોને વિનય બતાવો;
સંતોશ પરમ સુખ પાવો, હે યાર કરો વિચાર;
સકળ લ્યો સાર, કહું વિસ્તારી. સદ્ગુણ. ૨
શુભ સદાચાર સૌ પાળો, અન્યાય અનીતિ ટાળો;

દિન દુખીયા સામું ભાળો, જગનાથ રિઝે કરૂણાળો.
સંસારીક સ્થિતિ સુધારો, વિદ્યાનો કરો વધારો;
પરહરજો બધો કુધારો, કરો આચાર, ધરી ઉર પ્યાર.
બાળ હુંશિયાર, જ્ઞાન વિસ્તારી, સદ્‌ગુણ. ૩
સંકષ્ટ દેશનાં કાપો, ગરિબોને આશ્રય આપો;
પુસ્તકશાળા શુભ સ્થાપો, ઘો દાન અનાજ અમાપો;
ઘો જ્ઞાન દાન ભલિ ભાતી, પામો જગમાં વિખ્યાતી;
સુધરે નિજ કુટુંબ જ્ઞાતિ, સ્વજન આશીશ દીએ નિશદીશ;
રીઝે જગદીશ, પ્રતિષ્ઠા સારી. સદ્‌ગુણ. ૪
એ સદ્‌ગુણના પરભાવે, મહિમા અતિ ઉત્તમ પાવે;
કદિ કષ્ટ કલેશ નહીં આવે, ગુણિજન મુખથી ગુણ ગાવે;
શુભ વિદ્યાશાળા સ્થાપો, નિજ સંતતિ સંકટ કાપો;
કેળવણી સારી આપો, થશે આનંદ, સકળ જન વૃંદ;
શુ સાંકળચંદ, મુખે ઉચ્ચારી. સદ્‌ગુણ. ૫

હરિગીત છંદ.

હે જૈન બંધુ અપાર સિંધુ પાર કરવા ભવતણો,
શુભ મંત્ર શ્રી નવકાર ગણિને કર્મ શત્રુને હણો;
અઘ ઓઘ પામે નાશ જેથી થાય અતિ અતિ નિર્મળી.
શ્રી સભા સરસ્વતિ જૈન પૌષધશાળમાં આજે મળી. ૧
અભિમાન ને વળિ ક્રોધ માયા માન મૂકો સર્વદા,
મુખ સત્ય વાણિ ઉચરો વળિ જુઠ બોલો નહીં કદા;
જો કૃત્ય કુડાં નહીં કરો તો કીર્તિ પામો ઉજળી. શ્રી. ૨
પર દ્રવ્ય પથ્થરસમ ગણિ પરપતિન ભગિનીસમ ગણો.
નિજ શત્રુને ગણિ મિત્ર જેવો વૈર બુદ્ધિને હણો;

પ્રતિદિન શ્રી વિતરાગ વાણી હૃદયભુમિમાં ભળી. શ્રી. ૩
છે ધર્મ તત્વ દયા વિશે હિંસા કરો નહિ પ્રાણિની,
વળિ સાત મોટાં વ્યસન વરજો યુક્તિ રાખો વાણિની;
સંતોષ રાખો લોભ ત્યાગો ટેક જાળવજો વળી. શ્રી. ૪
ગુરૂ દેવભક્તિ યથા શક્તિ શ્રેષ્ટ જાણીને કરો,
માતા પિતા ગુરૂ જેષ્ટ બંધુ વિનય રૂડો આદરો;
નિંદા નિવારો પારકી સૌ સંપ કરજો હળીમળી. શ્રી. ૫
કોઈ ધર્મસ્નેહી દુઃખી દેખી હૃદય કુણું રાખજો,
સંકટ નિવારી સ્નેહથી વાત્સલ્ય બુદ્ધિ દાખજો;
દ્યો દાન શક્તિ પ્રમાણ જન કંગાલ ભાળીને વળી. શ્રી. ૬
પ્રહ સમય શ્રી જીનનામ ગૌતમધ્યાન હૃદયામાં ધરો.
પછિ દેવશેવા ભક્તિ ભાવે એક ચિતેથી કરો;
સંસારના સૌ કામ કરતાં નિતી ન કરો વેગળી. શ્રી. ૭
મુનિરાજ ભ્રાતૃચંદ્રના સદ્બોધથી સ્થાપન થઇ,
સરસ્વતિ સભાના જૈન શિશુની દુર્મતિ દુરે ગઈ;
ગુરૂ જ્ઞાનદાતા પાદપંકજ શિશ નામે મંડળી. શ્રી. ૮
વાર્ષિક ઓચ્છવ છે ભલો આનંદનો દિન આજનો,
સદ્ગ્રહસ્થ શોભા આપવા ભેળા થયા છે સજજનો;
ગુણગ્રામ આજ સમાજના સૌ ગાય જનટોળે મળી. શ્રી. ૯
હે ભારતી દુઃખ વારતી કલ્યાણ કર માતા સતી,
તુજ નામ અંકિત આ સભા માગે સદા નિર્મળ મતી;
આ છંદ સાંકળચંદ ભાખે સૌ સભા સાથે મળી,
શ્રી સભા સરસ્વતિ જૈન પૌષધશાળમાં આજે મળી. ૧૦

કાયા અને જીવનો સંવાદ.

ચેતેતો ચેતાવું તનેરે, પામર પ્રાણી. એ રાગ.

કાયા જીવને કહેછેરે ઓ પ્રાણપતી;
લાડનો લડાવ્યાં સારાં, કદી ન કર્યા હુંકારા;
આજતો રીસાણા પ્યારારે. ઓ પ્રાણપતી. ૧
ભેળા બેશીને જમાડી, બાગ બગિચાને વાડી;
ફેરવી બેસાડી ગાડીરે. ઓ પ્રાણપતી. ૨
અતર ફુલેલ ચોળી, કેસર કસુંબા ઘોળી;
રમ્યા રંગ રસ રોળીરે. ઓ પ્રાણપતી. ૩
શણગારતો સજાવી, આભુષણોને પેરાવી;
મોજ મુજને કરાવીરે. ઓ પ્રાણપતી. ૪
રોજતો હર્ષીને રહેતા, પાણી સાટે દૂધ દેતા,
આજ મૌન ધારિ બેઠારે. ઓ પ્રાણપતી. ૫
સુજનની એવી રીતી, જેની સાથે કરે પ્રીતિ;
વગડે ન મુકે રોતીરે. ઓ પ્રાણપતી. ૬
કરૂણું હું કાલાંવાલાં, મુજને ન મુકો વાહાલા;
સાથે રાખોને છોગાળારે. ઓ પ્રાણપતી. ૭

રાગ ઉપરનો. પદ બીજું.

જીવ કાયાને સુણાવેરે, ઓ કાયા ભોળી
કાયાતું કામણ ગારી, પાસમાં પડયો હું તારી;
પ્રભુને મુકયા વિસારીરે. ઓ કાયા ભોળી. ૧
તારી સાથે પ્રીતિ કરી, જરી ન બેઠો હું ઠરી;
પાપની મેં પોઠ ભરીરે. ઓ કાયા ભોળી. ૨
ઘણી વાર સમજાવી, હઠીલી ન સાંન આવી;

મુજને દીધો કુમાર્ગીરે, એ કાયા ભોળી. ૩
નીતિનો પ્રવાહ તોડયો, અનીતિનો પંથ જોડયો;
સજ્જનનો સંગ છોડયોરે, એ કાયા ભોળી. ૪
સદ્‌ગુણને નિવાર્યા, દુર્ગુણને વધાર્યા;
કથન ન કાન ધાર્યારે. એ કાયા ભોળી. ૫
આતમા હું ચિદાનંદી, કાયા તું દિસેછે ગંદી;
તારી સંગ રહ્યો મંડીરે. એ કાયા ભોળી. ૬
સોબતે અસર આવે; લસણનો સંગ થાવે:
કસ્તુરિ સુગંધ જાવેરે. એ કાયા ભોળી. ૭
બગડયો હું તારી સંગે, રમ્યો પર રામા રંગે;
કુડાં કૃત્ય કીધાં અંગેરે. એ કાયા ભોળી. ૮
પારકી થાપણ રાખી, આળ ઓર શીર નાંખી;
જુઠી મેં તો પુરી શાખીરે, એ કાયા ભોળી. ૯
પ્રાણ પાંજરામાં પ્યારી રહ્યો હું કરાર ધારી;
કાયા નાવે કોઇ લ્હારીરે એ કાયા ભોળી. ૧૦
મારો છેડો છોડો કાયા, કારમી લગાડો માયા;
તારાથી ભોળા ઠગાયારે. એ કાયા ભોળી. ૧૧
કાયાની માયાને છોડી, શુકરાજ ગયા ઉડી;
પ્રાણ પાંજરાને ત્રોડીરે, એ કાયા ભોળી. ૧૨
અનીતિનાં કામ તજો, નિંદા તજી પ્રભુ ભજો;
સાંકળાની શીખ સજોરે. એ કાયા ભોળી. ૧૩

અવલોકન

પ્રીય જૈનબંધુઓ આ લઘુ પુસ્તક આપે વાંચ્યું, તેમાં શ્રીમદ્ વિજયાનંદ સૂરિશ્વર (શ્રી આત્મારામજી માહારાજ)

ના સંક્ષિપ્ત જીવનચરિત્રની સાથે તેમના સ્વર્ગવાસ અને તે સબંધમાં અત્રે થએલા મ્હોત્સવનું વર્ણન આપેલું છે, આ પ્રસંગે મુનીરાજના જ્ઞાનાતિશયને લીધે નાગરિક સ્વધર્મિ- અને અન્ય ધર્મિઓને સ્વેચ્છિક આકર્ષણ થવાથી ઘણો આ- ડંબર થયો હતો. તથા ઘણા વરઘોડા ચડી સાસનનો સારો ઉદ્યોત થયો હતો. તેનું આબેહુબ વર્ણન કરતાં ઘણો વિસ્તાર થઈ જાય તેથી તેનું ટુંક પણ રસિક વર્ણન આપ્યું છે અને તેમાં કાંઈ પણ અતિશયોક્તિ નહીં વાપરતાં માત્ર વાસ્તવિક વર્ણન કર્યું છે.

આ પરમ પવિત્ર ગુરૂ માહારાજના વિરહથી થતી વ્ય- થા રૂપી અગ્નિને શાંત પાડવાને આ મ્હોત્સવ નિર્મળ જળ રૂપે હતો, તેથી જનમંડળમાં અતિ આનંદ પ્રસર્યો હતો, પણ તેથી વિશેશ આનંદ ગુરૂ માહારાજની ચિરંકાળ કીર્તિ આબાદ રાખવાની યોજનામાં થવો જોઇએ.

વિવેકવીર અને ધર્મવીર સમીક્ષકોએ દીર્ઘદ્રષ્ટિથી વીચારવું જોઇએ કે ગુરૂમાહારાજની પાછળ મ્હોત્સવ કરવાનું કામ ઘણું ઉત્તમ હતું અને તે આપડે અતિ ઉમંગથી કર્યું, પણ તેવાજ ઉમંગથી સદાય એ માહા પુરૂષની કીર્તિ અમર રે હે તેવી યોજનાઓ કરી તેઉ સાહેબની ધર્મ મુર્તિ આપણા સ્મરણસ્થાન ઉપર હમેશાં સતેજ રાખવી જોઇએ.

આ ભરતખંડમાં મુનિરાજના હજારો ભક્ત લક્ષાધિપતી છે અને વર્તમાનમાં જોતાં તેમના પુણ્યાતિશયથી સર્વેના મ- નનું આકર્ષણ તેમના સ્વર્ગવાસથી તેમની અમર કીર્તિ રાખવા તરફ ખેંચાયેલું છે તેથી હાલના પ્રસંગે જેટલું ધારીએ

તેટલું થઇ શકે તેમછે માટે કોઇ એક સુજ્ઞ અને વિવેકી ગૃહસ્થે આ કામમાં આગેવાની કરી સઘળા ગામો અને શેહેરોના ધનાઢ્ય અને આબરૂદાર ગ્રહુસ્થોને આમંત્રણ કરી બોલાવવા જોઇએ અને એક મોટુ ફંડ કે જેમાં દસ વીસ લાખ રૂપીયા ઉપજે તેવું કરવું જોઇએ, એ ફંડના જુદાં જુદાં ખાતાં ઠરાવવાં જોઇએ જેવાં કે જ્ઞાન ખાતુ નિરાશ્રીત ખાતુ જીર્ણોદ્ધાર ખાતુ, તથા જૈન વિદ્યાર્થિઓના વિદ્યાભ્યાસનું ખાતું એવા ખાતાં ઠરાવવા જોઇએ અને એક શ્રી આત્મારામજી જૈનસમાજ નામની સભા સ્થાપન કરવી જોઇએ તે સભાએ શા શા કામો કરવાં તે વિશે એક ધારો બાંધવો જોઇએ અને વિવેકી, સુજ્ઞ, દીર્ઘદર્શિ, અને ધાનતદાર પ્રતિનીધીઓ નીમવા જોઇએ તેમના હાથ નીચે એક વ્યવસ્થાપક મંડળી નીમવી જોઇએ, અને તેની ઉપશાખાઓ દરેક શેહેરો અને મોટાં ગામોમાં ઉઘાડવી જોઇએ.

આ મુખ્ય સભાનું મથક હિંદુસ્તાનના એક પ્રખ્યાત શેહેર કે જ્યાં જૈનોઓની ઘાડી વસ્તી હોય ત્યાં હોવું જોઇએ અને તે સભાએ નીચે પ્રમાણે કામ કરવાં જોઇએ.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં ગદ્યમાં અને છેલા ભાગમાં પદ્યમાં જે યોજનાઓ બતાવી છે તે ઉપર એ સભાએ પુરતું ધ્યાન આપવું જોઇએ. "પિષ્ટંતી પેષણં નાસ્તી" એ કેહેવત મુજબ વારે વારે કેહેવાથી પુનરોક્ત દોશ લાગે છે તો પણ આ જુદા સ્થળ છતાં આ ઠેકાણે ખાસ પૃષ્ટિકરણ કરવાની જરૂર છે.

પુર્વાચાર્ય કૃત પ્રાચીન પુસ્તકોના ભંડાર પાટણ, ખંભાત, જેસલમેર, વિગેરે ઘણે ઠેકાણે સાંભળવા પ્રમાણે છે

સેને જુના વિચારના માણસો ગુપ્ત રીતે સંતાડી મુકે છે અને અંદર સડી જાય છે છતાં બાહાર કાહાડતા નથી તેથી દીવશે દીવશે જ્ઞાન વિચ્છેદ જાય છે માટે તેવા માણસોને કોઇ પણ રીતે સમજાવી તે પુસ્તકો લેઇ તમામ પુસ્તકો એક પુસ્તકાલયમાં એકઠાં કરવાં અને વિદ્વાન પંડિતો પાસે શોધાવી તેનો પુનઃ ઉધ્ધાર કરાવી જુદી જુદી શાખાઓમાં સંભાળથી રાખવાં અને દરેક વિદ્વાનને વગર હરકતે તે વાંચવા મળે તેવો બંદોબસ્ત કરવો, આ યોજનાથી જ્ઞાન જે અપૂર્વ નેત્ર છે તે ચિરંકાળ જયવંતુ રેહેશે. અને આધુનીક વખતમાં જેમ દર્શનનો ઉદય થયો છે તેમ જ્ઞાનોદય થવાથી એવડો લાભ થશે. પણ જો જ્ઞાનોદય નહી થાયતો ખરીરીતે દર્શનને ઓળખાવનાર જે જ્ઞાન તેનો અભાવ થવાથી દર્શનનો પણ અભાવ થવાનો સંભવ છે.

જૈનધર્મમાં પુન્યના સાત ક્ષેત્રો બતાવેલાં છે જેમાં જ્ઞાન ક્ષેત્ર સર્વનો રાજા છે તેનાથી છએ ક્ષેત્રની જીવ અજીવ અને પુન્ય પાપની ઓળખાણ થઇ શકે છે તે ચીંતામણી રત્ન સમાન જ્ઞાન હાલના સમયમાં સર્વથી પાછળ પડી ગયુ છે આ એક ગજબની વાત છે. જ્યાં લક્ષ્મીનો ખરેખરો લહાવો લેવો જોઇએ ત્યાં એક પાઇ પણ વપરાતી નથી અને જ્યાં ન જોઇએ ત્યાં ગાડરીયા પ્રવાહ મુજબ સેકડો રૂપૈઆ ખરચાય છે આતે કોઇ ઉપદેશકનો વાંક કે શ્રોતાનો વાંક કે કાળનો દોશ તે કાંઇ સમજાતું નથી. અરે પરોપકાર બુદ્ધિ ક્યાં ગઇ. અફસોસ!! અફસોસ!!!

સાક્ષાત સાસનના શણગાર શ્રુત કેવળી માહાન આચા-

થે દેવર્ધિગણિક્ષમાશ્રમણ ભગવાનનો પરમ ઉપગાર આ-પણે કેમ ભૂલી ગયા. એવા પ્રભાવીક પુરૂષોએ આપણને અતિ ઉપગાર કરી જ્ઞાનનો ઉદ્ધાર કરી આપણને દીવ્ય નેત્ર આપ્યા છે જેના વડે આપણે હાલીએ ચાલીએ છીએ તે દીવ્ય નેત્ર આપણે હાલમાં જાણીજોઇને મીચી દીધાંછે અને તેમનો ઉપકાર ભૂલી જઈ આપણે છેક નઠોર થઇ ગયા છીએ. તે કેવળ ભૂલભરેલું છે. તેથી ભવીષ્યમાં સારૂં થવાની ઇચ્છા રાખનાર દરેક ગ્રહસ્થે આ વિશે ચાંપતા ઇલાજ લેવા જોઇએ.

વળી આપણા જૈન બાળકો બીજી કોમ કરતાં રાજભાષા અને કેળવણીમાં પાછળ પડી ગયા છે અને જે ઓ ભણ્યા છે તેઓ પ્રસંગ વિના શ્રધ્ધાભ્રષ્ટ થઇ ગયા છે માટે યોગ્ય ઠેકાણે શ્રી જૈનકોલેજ કાઢી તેમાં રાજભાષાના જ્ઞાનની સાથે ધર્મ સંબંધી વિશય ઉમેરી તેનું જ્ઞાન આપ-વાથી ઉત્તરોતર ફાયદા છે.

કેટલાક સ્વધર્મિભાઇઓ ગરિબ હાલતમાં દુખી થાય છે તેમને આ ફંડમાંથી સારી મદદ કરવી જોઇએ પારસી કોમમાં આ વિશે એક ખાસ ફંડ થએલું છે. અરે આતે કેવી દીલગીરી કે દરેક નાતોમાં હજારો રૂપૈયાના ફંડ છતાં તેઓ આ કામમાં કાંઇ ભાગ લેતા નથી તેમની સ્વજાતી-માંથી પ્રિતી અને ધર્મભકતી ક્યાં જતી રહી. અરે પરો-પકારબુધ્ધી તો રીસાઇ ગઇ કે શું. પણ આર્યબંધુઓ ત-મે જરા જાગો જાગો અને તમારા સ્વામીભાઇઓ દુઃખી થાય અને તમે ફેલ ફીટાકીયા થઇને ફરો એ તમને ઘણીજ શરમ ભરેલી વાત છે, તમે તેમના સામું પ્રેમદ્રષ્ટિથી જુવો.

ભગવાન દેવર્ધિગણિક્ષમાશ્રમણ, કુમતાંધકાર તરણી

શ્રીહરીભદ્રસુરિ, પરમ ઉપગારી કળિકાળ સર્વજ્ઞ બિરૂદ ધારક હીમચંદ્રસુરી, મહા પ્રભાવીક સિધ્ધશેન દિવાકરજી ઇત્યાદિક બીજા પણ ભવ્ય પુરૂષોના ઇતિહાસ તથા જુના લેખોનો શોધ કરાવીએક સંઘરહસ્થાન કરવું જોઇએ કે જેથી બાળ જીવોને તેમના સદાચરણ નિતી અને સ્વધર્મ ઉપરની પ્રીતિનો દાખલો મળી આવે એટલુંજ નહીં પણ રાજકાજ ના કામોમાં તે લેખો ઉપયોગના થઈ પડે.

દાનશાળા, જ્ઞાનશાળા, સંસ્કૃતશાળા વિગરે ધર્માલયો જુદા જુદા સ્થળે કરાવવાં જોઇએ અને શ્રીજીનસાસનનો પૂરો જય કરી ગુરૂ માહારાજની સદાય અમર કીર્તિ રાખવી જોઈએ. મારી અલ્પમતિમાં જે ટુંક હેવાલ આવ્યો તે મે આ જગોએ દરશાવ્યો છે. પરંતુ વિદ્વાનોએ દિર્ઘ દ્રષ્ટીથી વિચાર કરી આ બાબતમાં જે યોજનાયો લેવી ઘટે તે લેવી એવી મારી તેમને વિજ્ઞપ્તી છે. તથાસ્તુ.

સાંકળચંદ પીતાંબરદાસ.

श्रीमद्राजपुरे जिनागम समुद्दीप्ते परिधीतले
सद्वंशी सुदृढै र्विशाल हृदयैः संचालिता पालिता
वाग्देवी परिषत्तरी। विहरतात् सन्मार्ग यानाचिरम्
श्रीमद् ज्ञानतरंगिते मुनिवरः श्रीभ्रातृ चंद्रांबुधौ

समाप्त.

આશ્રય પત્ર.

આ લઘુ પુસ્તક કેવું રસમય છે તે વિશેની કદર સુજ્ઞ વાંચકવર્ગોને કરવાની છે તોપણ આ પુસ્તક બાહાર પડતાં ની પેહેલાં તેની આવશ્યકતા અને રચનાથી પ્રસન્ન થઇ નીચે જણાવેલા ઉદાર ગ્રહસ્થોએ તેની જે કદર કરી છે તે ઘણીજ સ્તુતિપાત્ર છે અને તેથીજ આ પુસ્તકની સાથે તેઓ સાહેબના મુબારક નામ અમર રાખવા નીચે પ્રગટ કર્યા છે.

પ્રત ૨૫૧) નગરશેઠ મણીભાઇ પ્રેમાભાઇ.
૧૦૦) શેઠ જેશંગભાઇ હઠીસંગ.
૨૫૦) શેઠ મનસુખભાઇ ભગુભાઇ.
૨૫૦) શેઠ સારાભાઇ મગનભાઇ કરમચંદ.
૨૫૦) શેઠ જમનાભાઇ ભગુભાઇ.
૧૦૦) શેઠ લાલભાઇ દલપતભાઇ.
૧૦૦ શાહુ ખાતે હા. કસ્તુરચંદ શવચંદ.
૫૦) વકીલ હીરાચંદ પીતાંબરદાસ.
૫૦) વકીલ કસ્તુરચંદ પ્રેમચંદ.

આ શિવાય બીજા પણ ઘણા ગ્રહસ્થોએ આ પુસ્તકને ઉત્સાહથી મદદ કરી છે પણ જગ્યાની તંગાશને લીધે અત્રે તેમના નામ લખ્યા નથી.

સાં. પી.

જાહેરખબર.

સર્વે ધર્મબંધુઓને વિનંતી કરવામાં આવે છે કે "સુબોધ માળા" નામનો એક અપૂર્વ ગ્રંથ સુમારે ચાળીશ ફરમાનો ઉંચા કાગળો પર છપાવી પાકા પુંઠા બંધાવી પ્રસિદ્ધ કરવામાં આવશે. જેમાં સત્ય, સદાચાર, નીતિ, ધર્મ, કુટુંબ વિગેરે સંસાર વ્યવહારને ઉપયોગી બાબતોનું ગદ્ય પદ્યાત્મક અતિ રસીક વર્ણન દ્રષ્ટાંત સિદ્ધાંત સહીત સમાવેલું છે. વધારે તારીફ કરવા કરતાં ટુંકમાં એટલું કહેવું બસ ધારું છું કે આ પુસ્તક સંસાર સ્થિતી સુધારવાને તથા કેળવણી મળવાને એક અમુલ્ય સાધન રૂપ છે.

આ ગ્રંથના ઉપયોગના પ્રમાણમાં ઘણીજ જુજ કીમત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૧-૮-૦ અને પાછળથી લેનાર પાસેથી રૂ. ૨—૮—૦ રાખીછે માટે સુજ્ઞ મહાશયોએ એને પ્રેમથી આશ્રય આપી આભારી કરવો જોઇએ.

સાંકળચંદ પીતાંબરદાસ.

અમદાવાદ-રાયપુર શામળાની પોળ.

પ્રાચીન જૈન કવીઓની બનાવેલી અતિ રસીક "આત્મનંદ પ્રકરણ માળા" જેની કીમત રૂ. ૦—૪—૦ તથા એક સિદ્ધાંત કર્યાએ "સપ્ત વ્યસન નિષેધક" નામની બુક રચી છે તેની કીમત રૂ. ૦—૩—૦ છે. તે બંને બુકો શ્રી સરસ્વતિ સભા અમદાવાદ રાયપુર શામળાની પોળમાંથી મળશે. માટે જે મહાશયોને તે મંગાવવાની જરૂર હોય તેમણે રૂબરૂ જઇ મંગાવી લેવી.

[illegible]